समग्र शिक्षा
Samagra Shiksha

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરની કચેરી
૫૦૨, સમગ્ર શિક્ષા, શિક્ષણ શાખા,
જિલ્લા પંચાયત, ડુમસ–વેસુરોડ,
પીપલોદ, જિ. સુરત
ફોન/ફેક્સ નં. ૦૨૬૧ ૨૫૯૪૮૧૮
E mail : - dpcsurat@gmail.com
Toll Free no. 1800 233 4820

ક્રમાંક : એસએસએ/QEM/૨૦૨૫/ ૪૭-૫૭ તા. ૩/૦૪/૨૦૨૫

પ્રતિ,
તાલુકા પ્રા.શિક્ષણાધિકારી
બીઆરસી કો.ઓ. તમામ
તા. તમામ
જિ.સુરત

વિષય: શિક્ષણ વિભાગ રાજ્ય સરકાર દ્વારા CET યોજવા અંતર્ગત શિષ્યવૃત્તિ આધારિત વિવિધ યોજનાઓમાં ધોરણ-૬ માં પ્રવેશ મેળવવા માટે પૂર્વ તૈયારી રૂપે જરૂરી ડોક્યુમેન્ટ ( આધાર પુરાવા) તૈયાર રાખવા બાળકો-વાલીઓને જાણ બાબત.
સંદર્ભ: ક્રમાંક : સમગ્ર શિક્ષા/ મકમ/ જ્ઞાનશક્તિ/ ૨૦૨૫/ ૧૪૨૫૯-૧૪૩૨૪ તા. ૨૯-૩-૨૫ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય પરીક્ષા બોર્ડ આયોજિત CET-૨૦૨૫ તા. ૨૨-૩-૨૫ના રોજ યોજાયેલ છે. જેનું પરિણામ અંદાજે ૭-૪-૨૫ના રોજ રાજ્ય પરિક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવનાર છે. જેમાં આગામી શૈક્ષણિક વર્ષથી જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કુલ્સ ઓફ એકસલન્સ, જ્ઞાન શક્તિ ટ્રાયબલ રેસીડેન્સીયલ સ્કુલ્સ ઓફ એકસલન્સ, રક્ષા શક્તિ સ્કુલની સાથે સાથે પ્રથમવાર ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત EMRS અને સૈનિક શાળામાં ભારત સરકાર દ્વારા તા.૧-૧-૨૫ અને ૬-૨-૨૫થી EMRS શાળામાં પ્રવેશ બાબતની માર્ગ દર્શિકા આધારિત બાળકોને એક અલાયદા પોર્ટલ મારફતે ઓનલાઇન પ્રવેશ આપવામાં આવનાર છે. EMRS અને સૈનિક શાળાના આશરે ૩૦૦૦ વિધાર્થી સાથે અન્ય યોજના જેવી કે મુખ્ય મંત્રી જ્ઞાનશેતુ મેરીટ સ્કોલરશીપ યોજના, , રક્ષા શક્તિ સ્કુલ, રેસીડેન્સીયલ સ્કુલ્સ ઓફ એકસલન્સ, જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કુલ્સ ઓફ એકસલન્સ, જ્ઞાન શક્તિ ટ્રાયબલ રેસીડેન્સીયલ સ્કુલ્સ ઓફ એકસલન્સ ના આશરે ૪૫૦૦૦ વિધાર્થી પણ વિવિધ યોજનામાં લાભાન્વિત થશે.

આપના તાબાની સરકારી/ ગ્રાન્ટેડ/ સ્વ નિર્ભર શાળાઓમાં CET-૨૦૨૫ ઉતીર્ણ થયેલ વિધાર્થીઓના ઓનલાઇન ફોર્મ ભરવાની (રજિસ્ટ્રેશન) ની પ્રક્રિયા વખતે જરૂરી આધાર પુરાવા હશે તો જ ઝડપથી રજિસ્ટ્રેશન થઇ શકે તેમ હોઈ વિધાર્થીને યોજનાનો લાભ મેળવવા માટે તેમજ **દરેક વિધાર્થી નિયત સમય મર્યાદામાં એડમીશન પ્રક્રિયામાં ભાગ લઇ શકે અને આધાર પુરાવા એકત્રિત કરવામાં બિનજરૂરી વિલંબ ટાળી શકાય** તે માટે નીછે મુજબના ડોક્યુમેન્ટ આધાર પુરાવા વિવિધ શિષ્યવૃતિ પ્રવેશ માટે જરૂરી હોય છે.

**૧. જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કુલ્સ ઓફ એકસીલેન્સ શાળાઓમાં પ્રવેશ માટે:**

- જાતિનું પ્રમાણપત્ર (ST જાતિમાં આરક્ષણ માટે.)
- દિવ્યાંગતા બાબતનું પ્રમાણપત્ર (PH કેટેગરીમાં આરક્ષણ માટે)

**૨. સ્વામી વિવેકાનંદ જ્ઞાન શક્તિ ટ્રાયબલ રેસીડેન્સીયલ સ્કુલ્સ ઓફ એકસીલેન્સ શાળાઓમાં પ્રવેશ માટે:**

- જાતિનું પ્રમાણપત્ર (ST જાતિમાં આરક્ષણ માટે.)
- દિવ્યાંગતા બાબતનું પ્રમાણપત્ર (PH કેટેગરીમાં આરક્ષણ માટે)

* ( સમાજ કલ્યાણ અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી જેવા સક્ષમ સત્તાધિકારી)

૧૩. વિધવા માતાના બાળકો માટે પિતાના મરણનો દાખલો

( મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી જેવા સક્ષમ સત્તાધિકારી)

૧૪. અપંગ માતા પિતાના બાળકો હોય તો દિવ્યાંગ હોવાનું પ્રમાણ પત્ર

* ( જે તે જિલ્લાની સિવિલ હોસ્પીટલમાં સિવિલ સર્જન/ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.)

૧૫. વિદ્યાર્થી જેના માતા પિતા કોવિડ કારણોસર મૃત્યુ પામેલ હોય તેવું તબીબ / ડોક્ટર નું પ્રમાણપત્ર

* ( જે તે જિલ્લાની સિવિલ હોસ્પીટલમાં સિવિલ સર્જન/ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.)

* જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટે.

- જાતિનું પ્રમાણપત્ર ( SC,ST જાતિમાં આરક્ષણ માટે.)
- દિવ્યાંગતા બાબતનું પ્રમાણપત્ર (PH કેટેગરીમાં આરક્ષણ માટે)

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત, સુરત

<u>જય ભારત સહ સવિનય જાણ સારું:</u>

-માન.સ્ટેટ પ્રોજેકટડાયરેકટરશ્રીની કચેરી, સેકટર-૧૯, ગાંધીનગર

<u>નકલ રવાના</u>

- જિલ્લા CET નોડલ અધિકારી, જિ. સુરત

**જે. રંજીથકુમાર,** આઇ.એ.એસ.

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર

સત્યમેવ જયતે

Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

**ક્રમાંક: સમગ્ર શિક્ષા/**ગ્રકમ/જ્ઞાનશક્તિ/2025/14241-14324

તા. 29/03/2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ,
શાસનાધિકારીશ્રી,તમામ.

**વિષય:** શિક્ષણ વિભાગ, રાજ્ય સરકાર દ્વારા CET યોજના અંતર્ગત શિષ્યવૃતિ આધારિત વિવિધ યોજનાઓમાં ધોરણ-6માં પ્રવેશ મેળવવા માટે પૂર્વ તૈયારી રૂપે જરૂરી ડોક્યુમેન્ટ (આધાર-પુરાવા )તૈયાર રાખવા બાળકો-વાલીઓને જાણ બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,રાજ્ય પરીક્ષા બોર્ડ આયોજિત CET-2025 તા:22-03-2025ના રોજ યોજાયેલ છે. જેનુ પરિણામ અંદાજે 07-04-2025ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવનાર છે. જેમાં આગામી શૈક્ષણિક વર્ષથી જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એકસલન્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એકસલન્સ, રક્ષા શકિત સ્કૂલ્સ ની સાથે સાથે પ્રથમવાર ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત EMRS અને સૈનિક શાળામાં ભારત સરકાર દ્વારા તા:01-01-2025 અને તા:06-02-2025થી EMRS શાળામાં પ્રવેશ બાબતની માર્ગદર્શિકા આધારીત બાળકોને એક અલાયદા પોર્ટલ મારફતે ઓનલાઇન પ્રવેશ આપવામાં આવનાર છે. EMRS અને સૈનિક શાળાના આશરે 3000 વિધાર્થી સાથે અન્ય યોજના જેવીકે મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના,રક્ષા શકિત સ્કૂલ્સ,જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એકસલન્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એકસલન્સ ના આશરે 45000 વિધાર્થી પણ વિવિધ યોજનામાં લાભાન્વિત થશે

આપના તાબાની સરકારી / ગ્રાન્ટેડ /સ્વનિર્ભર શાળાઓમાં CET-2025 ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓના ઓનલાઇન ફોર્મ ભરવાની (રજીસ્ટ્રેશન)ની પ્રક્રિયા વખતે જરૂરી આધાર પુરાવા હશે તો જ ઝડપથી રજીસ્ટ્રેશન થઇ શકે તેમ હોઇ વિદ્યાર્થીને યોજનાનો લાભ મેળવવા માટે તેમજ **દરેક વિધાર્થી નિયત સમય મર્યાદામાં એડમીશન પ્રક્રિયામાં ભાગ લઇ શકે અને આધાર પુરવા એકત્રિત કરવામાં બિનજરૂરી વિલંબ ટાળી શકાય** તે માટે નીચે મુજબના યોજના આધારિત દસ્તાવેજો આધાર પુરાવા તૈયાર રાખવા જણાવવામાં આવે છે.

શાળામાં પ્રવેશ માટે નીચે મુજબના ડોક્યુમેન્ટ આધાર પુરાવા તૈયાર કરે તેવી સુચના આપની કક્ષાએથી કરવા જરૂરી છે.

નીચે મુજબના ડોક્યુમેન્ટ આધાર પુરાવા વિવિધ શિષ્યવૃત્તિ અંતર્ગત પ્રવેશ માટે જરૂરી હોય છે.

1. **જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઑફ ઍક્સીલેન્સ શાળાઓમાં પ્રવેશ માટે :**
   - જાતિનું પ્રમાણપત્ર ( SEBC,SC,ST,EWS જાતિ માં આરક્ષણ માટે )
   - દિવ્યાંગતા બાબતનું પ્રમાણ પત્ર ( PH કેટેગરી મા આરક્ષણ માટે )
2. **સ્વામી વિવેકાનંદ જ્ઞાન શક્તિ ટ્રાયબલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઑફ ઍક્સીલેન્સ શાળાઓમાં પ્રવેશ માટે**
   - જાતિનું પ્રમાણપત્ર ( ST જાતિમાં આરક્ષણ માટે. )
   - દિવ્યાંગતા બાબતનું પ્રમાણ પત્ર ( PH કેટેગરી મા આરક્ષણ માટે)
3. **રક્ષા શક્તિ સ્કૂલ્સ શાળાઓમાં પ્રવેશ માટે**
   - જાતિનું પ્રમાણપત્ર ( SEBC,SC,ST,EWS જાતિ માં આરક્ષણ માટે.)
   - દિવ્યાંગતા બાબતનું પ્રમાણ પત્ર ( PH કેટેગરી મા આરક્ષણ માટે )
4. **EMRS (એક લવ્ય મૉડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ) શાળાઓમાં પ્રવેશ માટે**
   1. **જન્મ પ્રમાણ પત્ર :**
      1. સક્ષમ સતાધિકારી દ્વારા જારી કરાયેલ જન્મ તારીખનું પ્રમાણપત્ર.
      2. જેમાં ગ્રામ પંચાયતમાં તલાટી સમક્ષ , નોટિફાઇડ એરિયા કાઉન્સિલ, મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમાણપત્રો, લશ્કરી હોસ્પિટલ અને સંરક્ષણ કર્મચારીઓના સેવા રેકોર્ડમાંથી જન્મ તારીખ અથવા એફિડેવિટ.
   2. **આધાર કાર્ડ .**
      - **( જો ન હોય તો આધાર કાર્ડ મેળવવા જે તે જિલ્લાના આધાર કેન્દ્ર નો સંપર્ક કરવો )**
   3. **નિવાસસ્થાન પ્રમાણપત્ર (ડોમીસાઇલ સર્ટીફીકેટ ) .**
      - **(સંબધિત તાલુકાના મામલતદારશ્રી દ્વારા અપાયેલ)**

સમગ્ર શિક્ષા. સરત
3 APR 2025
આવક નંબર : 12
શાખાનુ નામ : QEM

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સમગ્ર શિક્ષા, પહેલો માળ, સરકારી ઈન્કવાયરી ઓફીસ સામે, ગાંધીનગર-ગુજરાત-૩૮૨ ૦૨૧.
ફોન નં. : (૦૭૯) ૨૨૮૮૧૦૦૦ | ઈ-મેલ : spd-gcsess@gujarat.gov.in

4. **SC / OBC / EWS / DNT** ( વિમુક્ત જાતિઓ ) **NT** ( વિચરતી જાતિઓ ) / **SNT** ( અર્ધ-વિચરતી જાતિઓ હોવાનું પ્રમાણપત્ર **આરક્ષણ માટે જરૂરી પ્રમાણપત્ર.**

* **( સમાજ કલ્યાણ અધિકારી ,મામલતદાર ,તાલુકા વિકાસ અધિકારી જેવાં સક્ષમ સત્તાધિકારી)**

5. **એક જ તાલુકામાં સેવા આપતા EMRS/EMDBS/CES/સરકારી હોસ્પિટલના ડોકટરો/પેરામેડિકલ સ્ટાફના સ્ટાફના બાળકોના કિસ્સામાં માતાપિતાનું સેવા પ્રમાણપત્ર.** (જે તે કચેરી દ્વારા)

6. **અપંગતા પ્રમાણપત્ર**, જો લાગુ પડતું હોય તો ,

* **(જે તે જિલ્લાની સિવિલ હોસ્પિટલ માં સિવિલ સર્જન / સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર. )**

7. અગાઉના વર્ગનું રિપોર્ટ કાર્ડ-પરિણામ ( શાળામાંથી) / એવા બાળકોના કિસ્સામાં જેઓ કોઈપણ શાળામાં ગયા નથી પરંતુ ઘરે અભ્યાસ કર્યો છે તે બાબતનું એફિડેવિટ

8. ટ્રાન્સફર પ્રમાણપત્ર કે **શાળાનું બોનાફાઇડ પ્રમાણપત્ર** કે NIOS (નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ)ની નોંધણી અથવા પાસ થવાનું પ્રમાણપત્ર

9. **ટ્રાન્સફર પ્રમાણપત્ર/ પાછલી શાળામાંથી શાળા છોડવાનું પ્રમાણપત્ર**

* ( CET ના આધારે શાળામાં એડમીશન મળે તે સમયે શાળામાં હાજર થતા વખતે .)

10. **શાળાના પ્રકાર (સરકારી શાળા /આશ્રમશાળા /ગ્રાન્ટ ઇન એઇડ મેળવતી)શાળાના આચાર્યશ્રીનું શાળા પ્રકાર અંગેનું પ્રમાણપત્ર**

11. **હળપતિ જાતિના વિદ્યાર્થીઓ** એ પોતાની **જાતિ પ્રમાણપત્ર** રજૂ કરવાનું રહેશે

* (સમાજ કલ્યાણ અધિકારી ,મામલતદાર ,તાલુકા વિકાસ અધિકારી જેવાં સક્ષમ સત્તાધિકારી )

12. **આદિમજૂથમાં** આવતા વિદ્યાર્થીઓને આદિમજૂથમાં આવતા હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે

* (સમાજ કલ્યાણ અધિકારી ,મામલતદાર ,તાલુકા વિકાસ અધિકારી જેવાં સક્ષમ સત્તાધિકારી )

13. **વિધવા માતાના બાળકો માટે પિતાના મરણનો દાખલો**

* ( મામલતદાર ,તાલુકા વિકાસ અધિકારી જેવાં સક્ષમ સત્તાધિકારી )

14. **અપંગ માતાપિતા ના બાળકો હોય તો માતાપિતાના દિવ્યાંગ હોવા અંગેનું પ્રમાણપત્ર**

* જે તે જિલ્લાની સિવિલ હોસ્પિટલ માં સિવિલ સર્જન / સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર

15. **વિધાર્થી જેના માતા પિતા કોવીડ કારણોસર મૃત્યુ પામેલ હોય તેવું તબીબ / ડોક્ટરનું પ્રમાણપત્ર**

* જે તે જિલ્લાની સિવિલ હોસ્પિટલ માં સિવિલ સર્જન / સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર

5. **જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટે**

- જાતિનું પ્રમાણપત્ર **( SC,ST જાતિ માં આરક્ષણ માટે )**
- દિવ્યાંગતા બાબતનું પ્રમાણ પત્ર **( PH કેટેગરી મા આરક્ષણ માટે )**

29/3/24

**(જે. રંજીથકુમાર)**

જય ભારત સહ સવિનય જાણ સારુ:

- અગ્ર સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ) શિક્ષણ વિભાગ.
- નિયામકશ્રી, નિયામકશ્રી શાળાઓની કચેરી,વિધા સમીક્ષા કેન્દ્ર,ગાંધીનગર.
- નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
- કાર્યપાલક નિયામકશ્રી,ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સો.(EMRS)
- અધ્યક્ષશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ.

નકલ રવાના.

- પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેશન,તમામ.